ચોકીની મર્યાદા—

લિ.

૬૩૦

પૂ. બાપુ

સંપાદક-
ત્રિભુવન ર. પટેલ.

પ્રકાશક:-
સુંદરદાસ વલભદાસ
પહેલા લોકસેવક,
કરાંચી.

પ્રકાશન કાર્યાલય,
સત્યાગ્રહ સમિતિ,
કરાંચી.

કિંમત ૦-૦-૬. ૨૦૦૦

ભારતવર્ષમાં આજે ચોપાસ અશાંતિ ફેલાઈ રહી છે. તેનાં પુષ્પોની પાંખડીઓ અને પાંદડીઓ રસ વિના શોષાઈ રહી છે. એ શોષણ અને અશાંતિ દૂર કરવા પૂ. બાપુએ અહિંસાની પડખે રહી સત્યાગ્રહ અને સવિનય અનાદરનાં સાધનો વડે આત્મશુદ્ધિનું ધર્મયુદ્ધ આરંભ્યું છે. એ વખતે આ સંપાદન ધર્મનું થોડું સરખું પાલન પણ ક્વચિત્ મહાન ભયમાંથી ઉગારે છે માની ભારતી ગુજરંજનતા તને આ સપ્રેમ.

અને અહિંસક સત્યાગ્રહી ચોકીદાર, તને પણ તારા ચોકી ધર્મનું થોડું સરખું પાલન પણ મહાન ભયમાંથી બચાવે એ વાંછનાએ આ ચોકીધર્મદર્શક સ્વલ્પસંપાદન અર્પણ, તું સ્વીકારજે અને હૃદયગમ કરી આભારી થજે.

સં.

પહેરાની આવશ્યકતા

'ઇન્ડીયન સોશિયલ રિફૉર્મર' પોતાની હંમેશની જોરાવર શૈલીમાં દારૂનાં પીઠાંઓ પર હાલ ચાલી રહેલા પહેરાઓ ઉપર લખતાં એવા પહેરાઓની ઉપયોગિતાને વિષે સવાલ ઉઠાવે છે. એની દલીલોનો જવાબ આપવા કરતાં આ બાબતમાં મારા વિચારો અને અનુભવ જ માત્ર આપીને ટુંકાવીશ. કોઈ પણ બાબતમાં આવો પહેરો સ્વાભાવિક રીતે ટૂંક મુદતને સારૂ જ હોય એ તો ખુલ્લું છે. પણ એનો ઉપયોગ જ ઓસડમાં રહેલા ગરમાવાના જેવો છે. દારૂ પીવાની લતને કુછંદના કરતાં રોગ કહેવો એ જ વધારે સાચું છે. મેં કેટલાં યે એવાં માણસો જોયાં છે જેઓ તેગનાથી દારૂ છોડી

શકાતો હોય તો અગઘડી રાજી થઈને છોડે. 'ભલા થઈને એ લાલચને અમારી આંખ સામે ન લાવો' એમ પણ કેટલાયને વીનવતા જોયા છે; અને એમના કહેવા મુજબ એ લાલચને દૂર ખસેડયા છતાં ચોરીથી ચાસ્યા જઈને પણ પીધા વિના જેમનાથી નથી રહેવાતું એવાઓને પણ મેં જોયા છે.

આમ જે લાલચમાં પડીને માણસ પોતાની ઈચ્છા વિરુદ્ધ પાપ કરવા પ્રેરાય છે તેને તેની સામેથી ખસેડવામાં મને કશું અજુગતું નથી દેખાતું. રોગી માણસને ઘણી વાર તેની પોતાની મરજી સામે જવામાં મદદ કરવી પડે છે. જો મારા દીકરાને જુગારનો છંદ વળગ્યો હોય અને કોઈ જુગારખાનાવાળો તેને લલચાવવા મારા ઘરની સામેનું જ મકાન રાખી લેઈને ત્યાં પોતાનું જુગારખાનું ઉઘાડે, તો કાંતો મારે એ જુગારખાનું બળ વાપરીને તોડી પાડવું રહ્યું. અગર તો બને તો મારો છોકરો એમાં જતાં શરમનો માર્યો પણ અટકે એવું કરવા મારે એ જુગારખાનાની આસપાસ મારાં માણસોની ચોકી બેસાડવી રહી. મારા ઘરથી થોડે જ દૂર બીજાં જુગારખાનાં હોય, ત્યાં પણ મારો છોકરો જઈને બગડી આવી શકે એ બધું સાચું; પણ તે ઉપરથી હું મારા ઘર

સામેના જુગારખાના ફરતી મારાં માણસોની ચોકી મૂકવામાં કોઈ રીતે ગેરવ્યાજબી ઠરતો નથી. મારે તો મારા છોકરાને માટે અને તે બધા પ્રયત્નો કરીને જુગાર ખેલવું મુશ્કેલ કરી મૂકવું રહ્યું.

પણ 'રિફૉર્મર'ને જો રાજ્ય તરફથી દારૂની અટકાયત થવાને લગતો સિદ્ધાંત માન્ય હોય તો તો રાજ્ય જ્યાં સુધી લોકમતને એક છાપરે ફગાવીને પ્રજા ઉપર કેવળ જુલમનો દોર ચલાવનારી જ એક સંસ્થા છે ત્યાં સુધી એવી દારૂની બદી અટકાવવાને સારૂ પીઠાં પર પહેરા કરવાની વાતને પણ એ જ સિદ્ધાંતની રૂએ અનાયાસે જ સ્વીકારવી રહી. દાખલા તરીકે કાલે સવારે ઊઠીને કોઈ સરકાર પોળે પોળે અને મહોલ્લે મહોલ્લે સરકારી મકાનો બાંધીને તેમાં વ્યભિચારખાનાં ખોલે, અને તેમને તેમનો ધંધો ચલાવવાના પરવાના આપવા કાઢે, તો પ્રજાએ શું કરવું? જો એવાં વ્યભિચાર-ખાનાંને જમીનદોસ્ત કરવાનું પગલું તેઓ ન લે તો શું તેવાં મકાનોની ચોમેર 'કવૉરેન્ટાઈન' મૂકીને, એવી બળજોરી ભરી રીતે પાથરેલી લાલચની એ બળતી આગમાં પડવામાંથી લોકોને બચાવવાનો બંદોબસ્ત કરવાની પ્રજાની ચોખ્ખી ફરજ નથી? આ કાર્યને માટે ચરિત્રવાન સ્ત્રીપુરૂષોએ જ રોકાવું જોઈએ અને જે લોકો પહેરો ભરનારાઓની

વિનવણી-આજીજીઓની ઉપરવટ થઈને જબરાઈથી પીઠામાં પીવા જાય તેમની કશી જ સતામણી ન થાય એ વિષે પૂરેપૂરી સંભાળ રહેવી જોઈએ. એ મને મંજૂર છે. લોકોને વ્યસનથી દૂર રાખવાના પ્રયત્નમાં જ્યારે રાજ્ય આગેવાની ન કરતું હોય ત્યારે આવી જાતના પહેરા ભરવા એ પ્રત્યેક શહેરીનો, પ્રજાના પ્રત્યેક સમજુ સભ્યનો ધર્મ છે. પોલીસનો સિપાઈ જ ચોરની સામે પહેરો ભરનાર નહિ તો બીજું શું છે? ચોર જ્યારે બીજાના ઘરમાં પેસવાનો ઇરાદો દેખાડી આપે છે ત્યારે પોલિસ પોતાની બંદુકનો ઉપયોગ કરીને તેને અટકાવે છે. અને પીઠાં પર પહેરો ભરનાર નાગરિક કે સ્વયંસેવક પોતાના એવા દારૂ પીવા જનાર દુર્બળ બંધુને કેવળ શરમનું, ખાનદાનીનું, પ્રેમનું દબાણ રજૂ કરીને ચેતવે છે, અટકાવવાને પ્રયત્ન કરે છે. પીઠાં પરનાં પહેરામાં આથી વધુ અર્થ કશો છે જ નહિ.

(ન. જી. ૧૦-૬-૧૯૨૧)

ચોકી કેમ કરવી?

૧. એક દારૂનાપીઠા કે એક વિદેશી કાપડની દુકાન ઉપર સંતોષકારક ચોકી કરવા માટે ઓછામાં ઓછી દશ સ્ત્રીઓની ટુકડી હોવી જોઈએ. તેમણે તેમાંના એકને અગ્રેસર તરીકે ચૂંટવાં જોઈએ.

૨. ચોકીનું કામ શરૂ કરતાં પહેલાં દુકાનના માલિકને વીનવીને તેને તેના પાપયુક્ત ધંધાનો ત્યાગ કરાવવાનો પ્રયત્ન કરવો જોઈએ, અને દારૂ તથા વિદેશી કાપડથી થતી દેશની પાયમાલીના આંકડા પત્રિકાના રૂપમાં રજૂ કરીને સમજાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. અહીંઆં એ કહેવાની જરૂર નથી રહેતી કે આ પત્રિકાઓ મજકૂર દુકાનદાર સમજી શકે તેવી ભાષામાં હોવી જોઈએ.

૩. દુકાનદાર તેનો ધંધો બંધ કરવા ના પાડે તો સ્વયંસેવિકાઓએ તેની દુકાન આગળ ચોકી કરવી જોઈએ, મૂઠમાં જોવું અને આવવા જવાનો રસ્તો ખુલ્લો રાખી ગ્રાહક તરીકે આવનારાઓને વ્યક્તિગત રીતે વીનવવું જોઈએ.

૪. સ્વયંસેવિકાઓએ વાવટાઓ અથવા પાટિયાં પોતાની સાથે રાખવાં જોઈએ, અને તેના મોટા અક્ષરથી આવશ્યક્તા પ્રમાણે વિદેશી કાપડ કે માદક પદાર્થોથી થતા નુકશાનની ચેતવણી આપનાર ધ્યાનવાકયો હોવાં જોઈએ.

૫. બનતા સુધી સ્વયંસેવિકાઓનો પોશાક અમુક પ્રકારનો અને એક સરખો હોવો જોઈએ.

૬. વખતો વખત સ્વયંસેવિકાઓએ પ્રાસંગિક, બંધબેસતાં સુંદર ભજનો ગાવાં જોઈએ.

૭. સ્વયંસેવિકાઓએ પુરુષો તરફથી કોઈ જાતનો બળાત્કાર કે બળ જબરી ન થવા દેવાં જોઈએ; અથવા થવાનો સંભવ હોય તો તરત જ ત્યાં પહોંચી અટકાવવાં જોઈએ.

૮. ગમે તેમ થાય છતાં કોઇ પણ પ્રસંગે અશ્લીલ અથવા અયોગ્ય ભાષા, અગર ધમકીનો પ્રયોગ ન હોવો જોઇએ.

૯. સ્વયંસેવિકાઓનો, દલીલથી અથવા આજી- જીથી સમજાવીને દુકાનદારનો હૃદયપલટો કરવાનો સતત પ્રયત્ન હોવો જોઈએ; બળ જબરાઇથી કે ધમકીથી ધંધો છોડાવવાનો નહિ.

૧૦. જ્યાં ચોકી થતી હોય ત્યાં પુરૂષોએ કોઇ પણ સંજોગમાં મોટી સંખ્યામાં એકઠા થવું જોઈએ નહિં અથવા લોકોની અવરજવરમાં અડચણ નાંખવી જોઈએ નહિ. પણ આવી જગ્યાની આડોશ-પાડોશમાં સારી પેઠે દારૂ અને વિદેશી કાપડની વિરૂદ્ધ તેઓ અનેક રીતે આંદોલન કરી શકે છે, અને દારૂ અને વિદેશી કાપડના બહિષ્કારના સંદેશના પ્રચાર માટે સ્ત્રીઓને સરઘસ કાઢવામાં મદદ આપી શકે છે

૧૧. આ ચોકીની હિલચાલને મદદ આપવા માટે તેની પાછળ તકલી અને રેંટિયાપ્રચાર માટે તેમ જ નવાં ચોપાનિયાં અને પ્રચારની નવી યોજનાઓ તૈયાર કરવા માટે એક વ્યાપક સંસ્થા હોવી જોઈએ.

૧૨. બધી આવક અને ખર્ચની પાઈએ પાઈનો ચોખ્ખી અને વ્યવસ્થિત રીતે હિસાબ રાખવામાં આવવો જોઈએ અને વખતો વખત તેની તપાસ કરાવવી જોઈએ. આ કામ સ્ત્રીઆની દેખરેખ નીચે પુરૂષોને કરવાનું રહેશે.

આ બધી યોજના પાછળ એ માન્યતા રહેલી છે કે પુરુષોમાં સ્ત્રીજાતિ માટે સાચું માન અને તેમના ઉદ્ધાર માટે ખરેખરી ધગશ છે. તે નહિ હોય તો કોઇ પણ જાતની સફળતા અસંભવિત છે. (ન. જી. ૨૭–૪–૧૯૩૦)

પહેરામાં સાવધાની

પણ આપણી પ્રવૃત્તિ હંમેશ આટલી સરળ સરળ ચાલશે એમ માની લેવાનું નથી. કલાલવર્ગ જેનું આમાં આર્થિક નુકસાન રહેલું છે તેને આ દારૂ નિષેધની હિલચાલ કાળ સમાન ભાસે તેમાં નવાઇ નથી. આ આઠજ દિવસની વાતમાં આ વર્ગે આ હિલચાલવાળાઓની સામે તડામાર કરી મૂકી છે. એ વર્ગ પહેરો ભરનારાઓની સામે પઠાણો રાખશે, 'ટાઈમ્સ' જેવાં છાપાંઓના રિપોર્ટ-રોને નોતરી તરેહ તરેહના રિપોર્ટો છપાવશે, અનેક જાતનાં તરકટ ઉભાં કરી સ્વયંસેવકોને પોલિસને

સ્વાધીન કરવા મથશે અને લાગ મળ્યે છૂટા પથરાઓ પણ મારવા ચૂકશે નહિ.

એક પીઠા આગળ ગઈ ૨૦ મી તારીખે સ્વયંસેવકો ઉપર સાચે જ પથરા પડ્યા અને ડૉ. બળવંતરાય કાનુગાને બરાબર આંખના ખૂણા પર એક પથ્થર વાગીને જબરો જખમ પણ થયો. સદ્‌ભાગ્યે જ તેમની આંખ બચી ગઈ.

સરકાર પણ આખર સુધી આ પ્રવૃત્તિને વિષે તટસ્થ રહેશે એમ માનવાનું કંઈ જ કારણ નથી કલાલોની પેઠે જ સરકારનું પણ આમાં આર્થિક નુકશાન સમાયેલું છે. અને સરકારની નીતિ આ કલાલોના વર્ગના કરતાં ચડિયાતી નથી એ તો બિહાર, મધ્ય પ્રાંત, વગેરે સ્થળે આ હિલચાલને દાબી દેવા સરકાર તરફથી જે અણછાજતા પ્રયત્નો ચાલુ છે તે જોયા પછી સિદ્ધ કરવું પડે તેમ નથી. આપણે ત્યાં હજુ એવા પ્રયત્નો શરૂ નથી થયા એટલું જ. સરકારમાં ડહાપણ હોત, સારૂં કામ કરવાની હિમ્મત હોત, તો તે લોકલાગણી સમજી જાત અને આબકારી આવકને પ્રજાશુદ્ધિના આ યજ્ઞમાં હોમી પોતે પણ પાવન થાત.

પણ પ્રજાને પાપમાં રાખવા મથનારા સમજે યા ન સમજે, આ પવિત્ર ચળવળ જેમણે ઉપાડી

લીધી છે તેમણે તો પોતાના કાર્યને ખૂણેખાંચરે પણ જબરાઈ કે અયોગ્ય દબાણનો પાશ ન લાગવા દેવા અહોરાત્ર જાગૃત રહેવું જોઈએ. આપણા દેશબન્ધુને, અજ્ઞાનીને, વ્યસનના ગુલામને, ઊંચે આણવાનું કાર્ય આપણે માટે પવિત્ર છે. પ્રજાની આત્મશુદ્ધિના આન્દોલનની આ ક્ષણે એ કાર્યમાં અનેક પ્રજા સેવકોએ હોમાઇ જવું–ઘસાઈ જવું–એ પણ જરૂરી છે. છતાં આપણે ભૂલેચૂકે સુદ્ધાં કોઈ પણ વ્યક્તિની —પછી તે ગમે તેટલી પતિત હોય, ગમે તેટલી દયા પાત્ર હોય, તો પણ—સ્વતંત્રતાની આડે ન આવવા અત્યંત સાવચેત રહેવું જોઇએ. આપણા વિરોધીને આપણે જબરાઈ કરીને નથી સમજાવી શકવાના. એમ કરીને તો આપણે ઊલટા આપણી કાર્યસિદ્ધિને મોડી કરીશું અને વિરોધીઓને કદાચ નાહકનું દસ ગણું વ્યર્થ નુકશાન કરવાનું બહાનું આપીશું.

પ્રજાએ પણ આ વાત ખૂબ સમજી લેવાની જરૂર છે. કોઈ પ્રજાકીય હિલચાલ ચાલુ થઈ એટલે તેને અધકચરી સમજી લઇને તેની મર્યાદા સમજ્યા વગર મનમાં તરંગ ઊઠે તે ઢબે ગમે તે કરી નાંખીને એ પ્રવૃત્તિ તરફની પોતાની સહાનુભૂતિ દર્શાવવા દોડવું એમાં પણ જોખમ રહેલું

છે. એથી નથી પ્રવૃત્તિ પોષાતી કે નથી પ્રજાસેવકોને મદદ થતી. ઊલટું મર્મસ્થાન પર વરામનું વાગે તેમ કોઇ વાર પોતાની અણસમજની સહેજ ભૂલ પ્રજાકીય પ્રવૃત્તિનું નાહક ભારે નુકશાન કરવાનું કારણ બની જાય છે. પોતે સ્વયંસેવકોમાં નામ નથી નોંધાવ્યું અગર તો તેનો પટ્ટો ખભે નથી નાંખ્યો એટલા ઉપરથી અહિંસા કે નમ્રતાના બંધા નિયમો પોતે પાળવાને બંધાયલ નથી, અથવા તો સ્વયંસેવક ઊભો હોય તેનાથી પાંચ-પચ્ચીસ કદમ દૂર જઇને પોતે કોઈ પર થોડી ઘણી જબરાઈ કરી લે તો તેમાં હરકત નહિ, એમ કોઇએ જ માનવાનું નથી. પ્રજાના આપ્તકાળમાં દેશના એકેએક સ્ત્રીપુરુષનું વર્તન દેશનું ભાગ્ય ઘડવા કે ભાંગવામાં ભળેલું છે એ ભાવનામાંથી હિંદુસ્તાનના દરેકેદરેક સ્ત્રીપુરુષને માટે અસહકારની હિલચાલ એ આજે આત્મશુદ્ધિની હિલચાલ છે એ કલ્પના જન્મ પામી છે. આ વાત આજે કોઇએ ઘડીભર ભૂલવી નહિ.

(ન. જી. ૨૭-૩-૧૯૨૧)

ચોકીમાં જબરદસ્તી

એક ભાઇ પોતાના કાગળમા કેટલીક ખબરો આપે છે એ જાણવા જેવી છે ને ખેદકાર છે. તેઓ

લખે છે કે પોતે દેશી દારૂ વેચે છે ને સ્વયંસેવકો પજવણી કરે છે, પણ વિલાયતી દારૂ પીનારને તો રોકવાની કે કહેવાની પણ તેઓની હિમ્મત નથી ચાલતી. વળી તેઓ લખે છે કે સ્વયંસેવકો કંઇ માત્ર સમજાવે જ છે એમ નથી. તેઓ તો દુકાનને ઘેરો ઘાલે છે, ગાળો દે છે, જૂના નોકરોને ધમકી આપે છે, જો ધમકીથી કામ ન સરે તો માર પણ મારે છે. પીઠાવાળાના હાથમાંથી દારૂ છીનવી લે છે. દારૂ હોવાનો જેની ઉપર શક આવે તેના ઘરની તો ઝડતી લે છે; તેવાઓનાં બજારપાણી બંધ કરવામાં આવે છે, દુકાનમાંથી કોઇ નીકળે તો તેનું મોઢું કાળું કરી તેને ગધેડા પર બેસાડી ફેરવે છે!

આ બધી ફરિયાદ સાચી હોય એમ કાગળ જણાય છે. જો એમ હોય તો એ હકીકતો સ્વયંસેવકોને ખરેખર શરમાવનારી છે. દારૂ પીનારને સમજાવવાની જેટલી આપણી ફરજ છે તેટલી જ ફરજ તેઓના શરીરની રક્ષા કરવાની પણ છે. દારૂડિયાઓ પાસે દારૂ છોડાવવામાં જો આપણે જબરદસ્તીનો ઉપયોગ કરીશું તો દારૂ છૂટવાનો નથી, એટલુંજ નહિ, પણ આપણી લડતને ધક્કો પહોંચશે. દરેક જગ્યાના સ્વયંસેવકોએ જાણવું જોઇએ કે તેઓને કોઇની ઉપર જબરદસ્તી કરવાને

હક છે જ નહિ. તેઓએ રીતસર વિનયપૂર્વક જે પ્રયાસો કરવા યોગ્ય હોય તેજ કરવા: એટલે કે દુકાનો નજીક ઊભા રહી પીનારને વિનયપૂર્વક સમજાવવા, તેમના કુટુંબીઓને સમજાવવા, તેમની ન્યાતવાળાઓને કહેવું. આ ઉપરાંત આપણને કાંઇ પણ દબાણ મૂકવાનો અધિકાર જ નથી. પ્રજાને મારીને પુણ્યવાન ન બનાવાય. જેઓને પાપી થવું હોય તેને પાપી થવાનો અખત્યાર છે જ. પાપ કરવાની છૂટ હોવા છતાં જે પાપ નથી કરતો તે જ પુણ્યવાન કહેવાય ને તેવાથી જ દેશને ફાયદો થાય. જો પાપને મટાડવા જબરદસ્તી કરવાનું તત્ત્વ દાખલ કરીએ તો જે દોષને સારુ આપણે સરકારને રાક્ષસી માનીએ છીએ તે જ દોષ આપણામાં આવી જાય ને આપણે પણ રાક્ષસી બનીએ.

(ન. જી. ૮-૫-૧૯૨૧)


ચોકીદારને ચેતવણી

[દારૂનિષેધને સારૂ દારૂની દુકાનો પાસે ઉભા રહી જનારાને વિનયપૂર્વક ચેતવવા છતાં જવા ઇચ્છે તો જવા દેવા. દરેક ન્યાતે મદ્યપાનવિરૂદ્ધ ધારા પસાર કરવા ને તેનો ભંગ કરનારનો બહિષ્કાર કરવો.

બહિષ્કાર એટલે ધોબી હજામ વગેરે બંધ કરવા એ નહિ. બહિષ્કાર એટલે તેને ત્યાં પાણી ન પીવું, તેને ત્યાં વિવાહવહેવાર ન રાખવો, તેને ત્યાં જમણવહેવાર ન રાખવો બહિષ્કાર બે પ્રકારના છે: એક સભ્ય ને બીજો અસભ્ય. સભ્ય બહિ-

ષ્કારનું મૂળ પ્રેમ છે, અસભ્યનું મૂળ તિરસ્કાર છે. અસભ્ય બહિષ્કારનું બીજું નામ તિરસ્કાર છે. અસભ્ય બહિષ્કાર શાંતિમય અસહકારમાં હરામ છે, ત્યાજ્ય છે. સભ્ય બહિષ્કારમાં સેવા ન લેવાનો, સંગ ન કરવાનો ભાવ છે. અસભ્ય બહિષ્કારમાં દંડ દેવાનો, દુઃખ દેવાનો ભાવ છે. દારૂ પીનારને આપણે દંડ નથી દેવો પણ તેનો સંગ તજી આપણું દુઃખ પ્રદર્શિત કરવું છે. સંગ તજવો એટલે પાણી, ભોજન અને બેટીવ્યવહાર તજવો. પણ કોઈની સેવા બંધ કરવી એ નિર્દયતા છે. કુવાતળાવ સહુને સારૂ છે. હજામ. ધોબી, વાહન વગેરે સાર્વજનિક સેવા સારા નઠારા બધાને સારૂ છે. હજામ ધોબી પખાલી ઘર ન પૂછે. ખૂનીને પણ પાણી પીવાનો હક્ક છે. આમ સારાસાર વચ્ચે વિવેક કરતાં શીખશું તેમ સ્વરાજ્ય વહેલું આવશે. દારૂનિષેધમાં બહિષ્કારને ઉપયોગ કરવાની આવશ્યકતા જોઉં છું. તેથી બહિષ્કારનો આટલો વિચાર કર્યો. ઘણી જગ્યાએ અસભ્ય બહિષ્કારનાં ફળ કડવાં આવ્યાં છે. અસભ્યતામાત્રનો ત્યાગ કરવામાં આપણું જોર રહેલું છે. દારૂની ટેવ પડયા પછી તે એટલે સુધી માણસને ગુલામ બનાવે છે કે તે માણસ દયાને પાત્ર બને છે. તે દયાથી જ આપણે તેવાઓને સુધારી શકીશું.

(ન. જી. તા. ૨૨-૫-૧૯૨૧.)



કાન્તી પ્રેસ, કરાચી.